# ટૂંક સમયમાં શહેરમાં ફરી 'લગ્નના ઢોલ ઢબુકશે' તેવી આશા..!!

## સતત ઘટી રહેલાં કોરોના કેસોને કારણે રદ કરાયેલાં લગ્નોના નવા મુહુર્ત જોવાનું શરૂ : પાર્ટી પ્લોટ સહિત સંલગ્ન વ્યવસાયિકોએ પણ નવી 'સીઝન' સાચવી લેવા ફરી બુકિંગ શરૂ કર્યા

ગાંધીનગરમાં કોરોના મહામારીની ત્રીજી લહેરને પગલે જાન્યુઆરી માસમાં ઉત્તરાયણ પછી શરૂ થયેલી લગ્નસરાંની સીઝનમાં વિક્ષેપ ઉભો કર્યો હતો અને સતત વધી રહેલા કોરોના પોઝિટિવ કેસોની સંખ્યાને અનુલક્ષીને રાજ્ય સરકાર દ્વારા લગ્ન સમારંભોમાં આમંત્રિતોની સંખ્યા મર્યાદા પર નિયંત્રણ મુકવું પડ્યું હતું. સરકારે મૂકેલા નિયંત્રણને પગલે અનેક લગ્ન સમારંભો રદ થઈ જવા પામ્યાં હતાં જેને પગલે લાઈટ, મંડપ ડેકોરેશન, પાર્ટીપ્લોટ, કેટરિંગ, ફ્લાવર ડેકોરેશન, ફોટોગ્રાફી વિડીયોગ્રાફી સહિતના અનેક વ્યવસાયોને ફટકો પડ્યો હતો તેમજ લગ્નના અયોજકોને પણ તેમને કરેલી તૈયારીઓ અને ચુકવેલા એડવાન્સની સામે આર્થિક નુકશાની ભોગવવાનો વારો આવ્યો હતો. જોકે આ સપ્તાહમાં કોરોના કેસોની સંખ્યામાં સતત ઘટાડો નોંધાઈ રહ્યો છે જેને પગલે આગામી સમયમાં કોરોના મહામારીની ત્રીજી લહેર સમાપ્ત થઈ જશે તેવી આશા બંધાઈ રહી છે જેને પગલે ફરી એકવાર લગ્ન સમારંભના આયોજકોએ તેમના રદ કરેલા લગ્નો ફરી યોજવા નવા મુહૂર્ત જોવાનું શરૂ કરી દીધું છે જ્યારે પાર્ટી પ્લોટ, મંડપ ડેકોરેશન સહિતના સંલગ્ન વ્યવસાયિકોએ તેમના બુકિંગ લેવાનું શરૂ કર્યુ છે.

કોરોના મહામારીની ત્રીજી લહેરમાં જે ઝડપે પોઝિટિવ કેસોની સંખ્યા વધવા પામી હતી તેને અનુલક્ષીને ચોતરફ ચિંતાનો માહોલ સર્જાવા પામ્યો હતો અને રાજ્ય સરકારને પણ અગમચેતીના ભાગરૂપે ફરી કડક નિયંત્રણો લાદવાની ફરજ પડી હતી. જોકે સતત વધતા કેસોની સામે હૉસ્પિટલોએ દાખલ દર્દીઓની સંખ્યા નહિવત્ રહેવાને કારણે તેમજ મૃત્યુઆંક ખૂબ ઓછો રહેવા ઉપરાંત રીકવરી રેટ ઘણો ઊંચો રહેવાને પગલે ત્રીજી લહેર અગાઉની લહેર જેટલી ઘાતક બનવા પામી નથી. મોટા ભાગના દર્દીઓ હોમ કોરોન્ટાઈનમાં જ સાજા થઈ જવાથી ત્રીજી લહેર તેના પ્રારંભે જેટલી ચિંતાજનક જણાઈ હતી તેટલી ઘાતક સાબિત થઈ નથી જેથી સરકારથી માંડીને નાગરિકો પણ રાહતનો દમ લઈ રહ્યાં છે. વળી, આ સપ્તાહમાં કોરોના કેસોની સંખ્યામાં પણ સતત ઘટાડો જોવા મળી રહ્યો છે અને રીકવરી રેટ પણ સુધરી રહ્યો છે જેને કારણે આ લહેરની પિક આવી ગઈ હોવાનું તારણ પણ કેટલાંક નિષ્ણાતો વ્યક્ત કરી રહ્યાં છે જેના પગલે કોરોના વાયરસની આ લહેર ઝડપથી શમી જશે તેવો આશાવાદ ચોમેર પ્રસરી રહ્યો છે. આ આશાવાદને સહારે જાન્યુઆરી માસમાં રદ થયેલાં લગ્ન સમારંભો ફરી યોજવાની હિલચાલ શરૂ થઈ ગઈ હોવાનું અનુભવાઈ રહ્યું છે. પ્રાપ્?ત માહિતી અનુસાર રાજ્ય સરકાર દ્વારા પણ મોકુફ રાખેલી વાઈબ્રન્ટ ગુજરાત સમિટને મે માસના પ્રારંભે ફરી યોજવાનું આયોજન કરી રહી છે. આ સ્થિતિમાં રદ કરવામાં આવેલા લગ્ન સમારંભોના આયોજકોએ પણ આગામી સમયમાં ત્રીજી લહેર શમી જાય એટલે નવા મુહૂર્તમાં લગ્ન સમારંભ યોજી દેવા માટે મુહૂર્ત જોવાનું શરૂ કરી દીધું છે તેમજ તે અનુસાર પાર્ટીપ્લોટ સહિત લાઈટ મંડપ ડેકોરેશન, ફોટોગ્રાફી વિડીયોગ્રાફ, ફ્લાવર ડેકોરેશન, બ્યુટી પાર્લર અને અન્ય જરૂરી સેવાઓના એડવાન્સ બુકિંગ પણ કરાવવાનું આરંભી દીધું છે. આ સેવાઓના વ્યવસાયિકો દ્વારા પણ આગામી લગ્ન સીઝન ગુમાવવી ના પડે તે હેતુથી ફરીથી બુકિંગ શરૂ કરી દીધાં હોવાનું જાણવા મળી રહ્યું છે. એકંદરે સતત ઘટી રહેલાં કોરોના કેસોને કારણે ફરી એક નજીકના સમયમાં લગ્નના ઢોલ ઢબુકશે તેવું જણાઈ રહ્યું છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લાના ચાર તલાટીઓની બદલીના હુકમો જારી કરવામાં આવ્યા છે.
- દહેગામ ચીફ ઓફિસરે આજે કેક કાપી તેમના જન્મ દિવસની ઉજવણી કરી હતી.
- ગાંધીનગર મનપાના નાયબ મ્યુનિ. કમિશનરે આજે શહેરની પાંચ પ્રા. શાળાઓની ઓચીંતી મુલાકાત લીધી હતી.
- ગાંધીનગર મહાનગરપાલિકામાં નવા ભેળવવામાં આવેલ વિસ્તારોના મિલ્કત સર્વેમાં નામ-સરનામા ખોટા હોવાની ફરિયાદો ઉઠી છે.
- ગાંધીનગર શહેરમાં ટ્રાફિક નિયમોના પાલન માટે જુદા જુદા સ્થળોએ ટ્રાફિક પોલીસે હોર્ડિંગ્સ લગાવ્યા છે.
- સર માઉન્ટ હોસ્પિલ ખાતે આજે ફ્રી નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.
- ગુજરાત યુનિ.ના ૭૦મા પદવીદાન સમારોહમાં શિક્ષણમંત્રી વાઘાણીને વર્ચ્યુઅલ જોડાવામાં ટેકનીકલ ક્ષતિ ઉભી થઈ હતી.
- અંબાજી મંદિરના દ્વાર ૧લી ફેબ્રુઆરીથી સરકારની ગાઈડલાઈન મુજબ ખોલવામાં આવનાર છે.
- આજે વિશ્વ રક્ત પિત્ત દિવસની ઉજવણી કરવામાં આવશે.
- બિન સચિવાલય ક્લાર્કની સ્પર્ધાત્મક પરીક્ષા ૧૩મી ફેબ્રુઆરીએ યોજાશે.
- આગામી ૨જી ફેબ્રુઆરી સુધી જિલ્લામાં ઠંડીનું જોર યથાવત રહેશે. દાંતીવાડા કૃષિ યુનિ.ના હવામાનશાસ્ત્ર વિભાગ દ્વારા કરાયેલ પૂર્વાનુમાન મુજબ આ તારીખ સુધી મહત્તમ તાપમાન ૨૬-૨૯ ડિગ્રી સે. અને લઘુત્તમ તાપમાન ૯ થી ૧૨ ડિગ્રી સે. રહેવાની સંભાવના છે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




આ જોયા પછી લોકોના ધર્મની વાત જ ન કરું... હું તો મારા ધર્મની પણ ટીકા કરતા હજાર વાર વિચાર કરું...

# દસ દિવસથી સતત ઠંડીથી જનજીવન પર અસર

## જાન્યુઆરી માસના મોટા ભાગના દિવસોમાં લઘુત્તમ તાપમાન એક ડિજિટમાં નોંધાયું : ઠંડીથી રાહત મેળવવા જેકેટ-શાલનો સહારો લેતા નગરજનો

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરમાં છેલ્લા ઘણા દિવસોથી સતત ઠંડી પડી રહી છે. જાન્યુઆરી માસમાં ઘણા દિવસોથી લઘુત્તમ તાપમાન એક ડિજિટમાં નોંધાઈ રહ્યું છે. જેની જનજીવન પર વ્યાપક અસર જોવા મળી રહી છે.

ઠંડીએ આ વર્ષે જાણે માઝા મુકી છે સતત દોઢ મહિનાથી ગાંધીનગર શહેરમાં આકરી ઠંડી પડી રહી છે. લઘુત્તમ તાપમાન ગગડીને છેક ૪ ડિ.સે. સુધી નોંધાઈ ચુક્યું છે. ચાર થી છ ડિગ્રીની વચ્ચે લઘુત્તમ તાપમાન ઘણા દિવસો સુધી રહેતા વસાહતીઓ ઠંડીથી હેરાન પરેશાન જોવા મળી રહ્યા છે. ઠંડીની અસરની વચ્ચે આ વખતે માવઠાની સ્થિતિ વારંવાર સર્જાઈ હતી જેની અસર હેઠળ શહેરમાં ધુમ્મસભર્યુ વાતાવરણ પણ જોવા મળ્યુ હતુ. હીલસ્ટેશન પર હોય તેવુ વાતાવરણ અહીં જોવા મળ્યુ હતુ. ઉત્તર-પૂર્વ દિશામાંથી ફૂંકાતા પવનોએ ઠંડીને વધુ આકરી બનાવી હતી. ઠંડા પવનો સતત ફૂંકાતા વસાહતીઓને ના છૂટકે ઘરમાં જ પુરાઈને રહેવુ પડ્યુ હતુ. ઘરના બારી-બારણા સતત બંધ રાખીને રહેવુ પડ્યુ હતુ. છેલ્લા ઘણા દિવસોથી ઠંડી એક ડિજિટમાં યથાવત રહેતા ઘરમાં પણ સ્વેટર, શાલ અને જાકીટ સતત પહેરવા પડે છે. ઠંડીથી કેમેય કરીને રાહત મળતી નથી. ઠંડીથી રાહત મેળવવા દિવસ દરમ્યાન વડીલો અને બાળકો તડકાનો સહારો લઈ હ્યા છે. જ્યારે રાત્રે કોલસાવાળી સગડી અને તાપણાનો સહારો લેવાય છે. ઝુંપડામાં વસતા શ્રમજીવીઓ તાપણાનો સહારો લઈ ઠંડીથી બચી રહ્યા છે. એકાદ-બે દિવસમાં ઠંડીથી થોડીક રાહત મળશે એવી આગાહી હવામાન વિભાગે કરી છે. લઘુત્તમ તાપમાન પણ ઉંચકાઈ શકે છે.



## સેક્ટર-૮માં ધ્વજવંદન યોજાયું

ગણતંત્ર દિન નિમિત્તે ગાંધીનગર સાહિત્ય સભાના અધ્યક્ષ અને દેશભક્ત સંજય થોરાતના ઘર આંગણે ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. શહેરના સમાજ સેવક અને ગાંધીનગર મહાનગરપાલિકાના પૂર્વ ડેપ્યુટી મેયર નાજાભાઈ ધાંધરના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. નાજાભાઈ ધાંધરનું પુસ્તકથી સ્વાગત કવિ કિશોર જિકાદરાએ કર્યુ હતુ. ધ્વજવંદન પહેલા ધ્વજની પૂજા ગાયત્રી થોરાત, ડૉ. નીતા શેખાત, ડૉ. પૌલમી પરમાર, હેતલ દેસાઈ, રિદ્ધિ થોરાત અને તરિશી પરમાર દ્વારા કરવામાં આવી હતી. દેશના દીર્ઘાયુ માટે પ્રાર્થના કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં આઈએએસ એચ.એસ. પટેલ, ડૉ. મહિપતસિંહ પરમાર, ડૉ. નીતા શેખાત, ડૉ. પૌલમી પરમાર, રાજુભાઈ પટેલ, કવિ કિશોર જિકાદરા, કવિ રમણભાઈ વાઘેલા, એડવોકેટ અશ્વિન ત્રિવેદી, ઉમેશ ચાવડા, વૈશાલી ચાવડા વગેરે દેશપ્રેમી મિત્રો હાજર રહ્યા હતા. ઈન્દ્રોડા ગામથી કલ્પેશ ઠાકોર નાના બાળકોને લઈને આવ્યા હતા. આ રાષ્ટ્રીય પર્વ નિમિત્તે સુસંગત મ્યુઝિક ગ્રુપના ભરતભાઈ ઠાકર અને યુવા ગાયક સાગર દેસાઈએ દેશભક્તિના ગીતો પ્રસ્તુત કર્યા હતા. વિજય તિવારીએ દેશભક્તિની શાયરી સંભળાવી સૌને ખુશ કર્યા હતા.

# ગુજરાતમાં પહેલી વાર સીધી રાજ્યકક્ષાની અંડર-૧૧ એથ્લેટિક્સ મીટ યોજાશે

ગાંધીનગર, તા. ૨૯

'આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના વિદ્યાનિકેતન વિભાગ તથા સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે ગુજરાતમાં સૌ પ્રથમ સીધી રાજ્યકક્ષાની અંડર ૧૧ એથ્લેટિક્સ મીટનું આયોજન કરવામાં આવ્યું છે. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી એ બાળકોના સર્વાંગી વિકાસ માટે કામ કરતી વિશ્વની અજોડ યુનિવર્સિટી છે.

રમત-ગમત બાળકના વિકાસનો મહત્ત્વનો આયામ હોવાથી ભવિષ્યની ઓલિમ્પિકમાં ભારતને વધુ સારી સિદ્ધિ મળે તે માટે આ ઐતિહાસિક મીટનું આગવું આયોજન કુલપતિ હર્ષદભાઈ શાહની પ્રેરણાથી થઈ રહ્યું છે.

ગુજરાત સ્ટેટ એથ્લેટિક્સ એસોસિએશનના સહયોગથી આ મીટ યોજાઈ રહી છે. જેમાં વિવિધ ૧૦ પ્રકારની ઈવેન્ટ થશે. આ મીટમાં કુલ ૧૧ લાખ રૂપિયાની ઈનામી સ્પર્ધા છે. દરેક ઈવેન્ટમાં ટોપ ટેનમાં આવનારાં ખેલાડીઓને રોકડ પુરસ્કાર અપાશે.

ભાગ લેવા ઈચ્છતાં બાળકો ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની વેબસાઈટ www.cugujarat.ac.in/ Index પર ઑનલાઈન રજિસ્ટ્રેશન કરાવી શકે છે.

જો કોરોના નિયંત્રણમાં હશે તો સંભવતઃ આ સ્પર્ધા ફેબ્રુઆરીના અંતમાં અથવા માર્ચમાં યોજાઈ શકે છે, જેની આગામી સમયમાં જાહેરાત કરાશે.

# સચિવાલય આંતર વિભાગીય વક્તૃત્વ સ્પર્ધા સંપન્ન

ગાંધીનગર, તા. ૨૯

રાજ્યના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા આજે સચિવાલય આંતરવિભાગીય વક્તૃત્વ સ્પર્ધા સપન્ન થઈ હતી. આ સ્પર્ધામાં ૩૧ કર્મયોગીઓએ વિવિધ વિષયો ઉપર એમના વિચારો પ્રસ્તુત કર્યા હતાં. આ પ્રસંગે સામાન્ય વહીવટ વિભાગના અધિક સચિવ જ્વલંતભાઈ ત્રિવેદીએ રાજ્ય સરકાર દ્વારા યોજાતી વક્તૃત્વ સ્પર્ધા પાછળનો મુખ્ય આશય સ્પષ્ટ કરતાં જણાવ્યું હતુ કે, આ પ્રકારની સ્પર્ધાઓ અધિકારી-કર્મચારીઓમાં પડેલી સુષુપ્ત શક્તિઓને સુપુરે બહાર લાવવાની તક આપે છે.

વક્તૃત્વ સ્પર્ધામાં પ્રથમ ક્રમે ઉર્મિલાબહેન ઝણકાર, દ્વિતીય ક્રમે ઋજુતાબહેન ત્રિવેદી અને તૃતીય ક્રમે અંકુરભાઈ ઉપાધ્યાય આવ્યાં હતાં. જ્યારે તત્કાળ વક્તૃત્વ સ્પર્ધામાં પ્રથમ ક્રમે લલિતભાઈ પરમાર, દ્વિતીય ક્રમે ઉર્મિલાબહેન ઝણકાર અને તૃતીય ક્રમે મેઘનાબહેન સંત આવ્યાં હતાં.



વક્તૃત્વ સ્પર્ધાના નિર્ણાયકો તરીકે નાયબ સચિવ કલ્પેશભાઈ ભટ્ટ અને સચિવ, ગુજરાત પ્રેસ અકાદમી, પુલકભાઈ ત્રિવેદીએ સેવાઓ આપી હતી. આ ઉપરાંત આજે સવારે યોજાયેલી આંતર વિભાગીય ગીત-સંગીત સ્પર્ધામાં હર્ષાબહેન દાફડા પહેલા ક્રમે, રિદ્ધિબહેન ગુપ્તે બીજા ક્રમે અને ધ્વનિબહેન ત્રીજા ક્રમે આવ્યાં હતાં. ગીત-સંગીત સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ગાંધીનગરના જાણીતા લોકકલાકાર ભીખુદાન ગઢવી અને મયંકભાઈ દવેએ સેવાઓ આપી હતી. પ્રસ્તુત સ્પર્ધાઓમાં સામાન્ય વહીવટ વિભાગના કર્મયોગીઓ વર્ષાંતભાઈ રંભાપુરવાલા, મિતેષભાઈ પટેલ તથા કલ્યાણ શાખાના કર્મયોગી મિત્રોએ સહયોગ આપ્યો હતો. બન્ને સ્પર્ધાઓનું સંચાલન ઉદય બ્રહ્મભટ્ટે કર્યું હતું.

## નારદીપુરમાં શ્રી સધી માતાજી અને ગોગા મહારાજનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ

ગાંધીનગર, તા. ૧૯

શ્રી સધી માતાજી તથા ગોગા મહારાજનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જે તારીખ ૨ ફેબ્રુઆરી અને ૩ ફેબ્રુઆરીના રોજ યોજાશે. આ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ શ્રી સધી માતા મંદિર, શ્રી કંસુબાઈ માતાજીની ભાગોળ, નારદીપુર, કલોલ ખાતે યોજાશે. આ ધાર્મિક પ્રસંગમાં તા. ૨ ના રોજ સવારે ૯.૧૫ કલાકે યજ્ઞ, બપોરે ૧.૩૦ કલાકે નગરયાત્રા, સાંજે ૫.૦૦ કલાકે જલયાત્રા, ત્યારબાદ સાયન પૂજન અને રાત્રે ૮.૩૦ કલાકે સંતોના આર્શીવચન જ્યારે ૩ જી તારીખના રોજ સવારે ૯.૧૫ કલાકે યજ્ઞ, જ્યોત વધામણી, સ્તપન વિધિ, પછી વાસ્તુ હોમ, પ્રાણ પ્રતિષ્ઠા, શિખર ધજા, બપોરે ૪.૦૦ કલાકે શ્રીફળ હોમ, મહાઆરતી અને સાંજે ૬.૦૦ કલાકે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. આ ધાર્મિક પ્રસંગે વૈદિક પૂજા યજ્ઞના આચાર્ય શાસ્ત્રી નરેન્દ્રકુમાર શાંતિલાલ દ્વારા પૂજાવિધિ કરાશે. દાતાઓનું સન્માન તથા ગરબા મહોત્સવ રાત્રે ૮.૩૦ કલાકે યોજાશે.

# ...પૌત્રીને પરણાવવાના ઓરતા પણ ઘરની સાથે છિન્નભિન્ન થયા

## દહેગામના અપંગ વૃદ્ધાની મનોવ્યથા : ૭૦ વર્ષથી જ્યાં રહેતા હતા એ મકાનને જેસીબીએ એક ઝાટકે જમીનદોસ્ત કરી નાખ્યું

ગાંધીનગર, તા. ૧૯

દહેગામમાં નિષ્ઠુર તંત્રએ ૧૦૦ વર્ષના વૃદ્ધાના ઘરની સાથે પૌત્રીને પરણાવવાના ઓરતા પણ ધરાશાયી કરી દીધા હતા. માતા-પિતા વિનાની પૌત્રીનો જ્યાં રૂડો માંડવો બંધાવાનો હતો એ જગ્યા ઉપર નિષ્ઠુર તંત્રએ કાટમાળ ખડકી દેતા વૃદ્ધાએ પોતાના પરિવાર સાથે ઠંડીમાં રહેવા માટે મજબૂર બનવું પડ્યું હતું. રેલવેતંત્રની જમીનમાં થયેલા દબાણો દૂર કરવાની કામગીરી દરમિયાન આ ઘટના બની હતી. ૧૦૦ વર્ષના અપંગ રેવાબા બે હાથ જોડીને અધિકારીઓને કગરતા રહ્યા પણ એમની કાકલુદી સાંભળ્યા વિના તંત્ર દ્વારા તેમનું ઘર ધ્વસ્ત કરી દેવામાં આવ્યું હતું. અમદાવાદથી હિંમતનગર જતા રેલવે ટ્રેક પર દહેગામની હદમાં થયેલા દબાણો હટાવવા માટે તંત્ર દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી અને વિશાળકાય જેસીબી મશીન સાથે દબાણો હટાવવા માટે અધિકારીઓ ત્રાટક્યા હતા. આ જગ્યા પર છેલ્લા સિત્તેર વર્ષથી પોતાનું મકાન બાંધીને રહેતા રેવાબા કાળુજી દંતાણી નામના સો વર્ષના અપંગ વૃદ્ધાએ પોતાનું ઘર ન તોડવા માટે અને ૧૦ થી ૧૨ દિવસની મહેતલ આપવા માટે વિનવણી કરી હતી પણ તંત્રએ તેમની એક વાત પણ સાંભળી ન હતી.

**દહેગામના અપંગ વૃદ્ધાની મનોવ્યથા : ૭૦ વર્ષથી જ્યાં રહેતા હતા એ મકાનને જેસીબીએ એક ઝાટકે જમીનદોસ્ત કરી નાખ્યું**

રેવાબાએ ૨૦૧૩ની સાલમાં પોતના પુત્ર મહેશને ગુમાવ્યો અને એ પછી પુત્રવધૂનું પણ મૃત્યુ થયું હતું. રેવાબા હવે માતા-પિતા વિનાની પોતાની પૌત્રી દીપિકાને પરણાવવાના ઓરતા સેવી રહ્યા હતા અને મણીનગરમાં તેનો સંબંધ પણ નક્કી કરી નાખ્યો હતો. આગામી ૧૩મી તારીખે દીપિકાની જાન આવવાની હતી. જે જગ્યા પર તેનો રૂડો માંડવો બંધાવવાનો હતો ત્યાં ૧૦-૧૨ દિવસ પહેલા જ નિષ્ઠુર તંત્ર ઘરને તોડી પાડી અને કાટમાળ ખડકી દીધો હતો. પરિણામે અપંગ રેવાબાના તો ઘરની સાથોસાથ માતા-પિતા વિનાની પૌત્રીને પરણાવવાના ઓરતા પણ છિન્નભિન્ન થઈ ગયા હતા. નિષ્ઠુર તંત્રના પાપે ૧૦૦ વર્ષના અપંગ વૃદ્ધા રેવાબા પોતાની ઘરવખરી સાથે રસ્તા પર આવી ગયા છે અને માથે પૌત્રીનો લગ્ન પ્રસંગ પણ આવીને ઉભો છે આવી સ્થિતિમાં રેવાબાએ પોતાના પરિવાર સાથે ઠંડીમાં રસ્તા પર રહેવા માટે મજબૂર બનવું પડ્યું છે. મકાન તોડવા આવેલા અધિકારીઓને રેવાબાએ પોતાને દસથી બાર દિવસનો સમય આપવા માટે વિનંતી કરી હતી પરંતુ એમની કોઈ વાત કાને ધરવામાં આવી નહોતી. રેવાબા અને તેમના પરિવારની હાલત અત્યંત કફોડી બની જવા પામી છે.

## મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલમાં ગાંધી નિર્વાણ દિન કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૧૯

મહાદેવ દેસાઈ ગ્રામ સેવા સંકુલ, સાદરા ખાતે ગાંધી નિર્માણ દિન નિમિત્તે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૭૪મી પુણ્યતિથિ ૩૦ જાન્યુઆરીના રોજ છે. તે નિમિત્તે સેવક નિવાસ સામેના નવરાત્રી ચોકમાં એક સમૂહ પ્રાર્થના અને શ્રદ્ધાંજલિનો કાર્યક્રમ સાંજે ૪.૩૦ થી ૫.૩૦ સુધી રાખવામાં આવ્યો છે.

## જાહેર નિવિદા

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સેક્ટર-૧૨, ગાંધીનગર કચેરી ખાતે વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન (૧) કચેરી ખાતે ૨૫ સ્ટોલ, ટેબલ, ખુરશી અને ઈલેક્ટ્રીક પોઈન્ટની કામગીરી. સરકારશ્રીના ખરીદીના પ્રવર્તમાન નિયમોને આધિન રસ ધરાવતા માન્ય સ્થાનિક વેપારી / કોન્ટ્રાક્ટર પાસેથી નિયત નમૂનાના ટેન્ડરમાં ભાવપત્રકો મંગાવવામાં આવે છે. કોરા ટેન્જર ફોર્મ (નોન ટ્રાન્સફરેબલ) જાહેર નિવિદા પ્રસિદ્ધ થયેથી દિન-૦૫માં કચેરી સમય દરમિયાન કામકાજના ચાલુ દિવસોમાં મળી રહેશે, અરજી સાથે પ્રાચાર્ય, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ગાંધીનગર કચેરીના નામનો રૂ. ૫૦૦/-નો ડીમાન્ડ ડ્રાફ્ટ (પરત નહી ચુકવવાપાત્ર) ટેન્ડર ફીની ચુકવણી કર્યેથી રૂબરૂ મેળવી શકાશે.

ભરેલ ટેન્ડર ફોર્મ આર.પી.એ.ડી.થી / રૂબરૂ સિલબંધ કવરમાં જાહેર નિવિદા પ્રસિદ્ધ થયેથી દિન-૦૫ સુધીમાં આ કચેરીને મળી રહે તે રીતે મોકલી આપવાના રહેશે.

કોઈપણ ટેન્ડર કે તમામ ટેન્ડરો કોઈપણ કારણો દર્શાવ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર આ કચેરીને રહેશે અને ટેન્ડર ભરનારને કચેરીના વખતોવખતના હુકમો બંધનકર્તા રહેશે.

ઈચ્છા ધરાવતી એજન્સીઓ દ્વારા કચેરીની મુલાકાત લઈ સ્થાનિક સ્થળ પરિસ્થિતિની જાણ તથા કામનો પ્રકાર, જરૂરિયાત, કચેરીની સ્થિતિ વગેરેથી સુમાહિતગાર થઈ શકશે.

**સ્થળ : ગાંધીનગર** — **(ડો. હિતેશ એન. દવે)**
**તારીખ : ૨૯/૧/૨૦૨૨** — **પ્રાચાર્ય**
**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ગાંધીનગર**
**માહિતી/૨૦૮૨/૨૧-૨૨**

## નર્મદા જળસંપતિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

### જાહેર નિવિદા નં.૦૫ વર્ષ ૨૦૨૧-૨૦૨૨ (બીજો પ્રયત્ન)

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી કાર્યપાલક ઈજનેરશ્રી, કાંસ વિભાગ, સ્ટેટ વૉટર ડેટા સેન્ટર બિલ્ડીંગ, સેક્ટર-૮, ગાંધીનગર-૩૮૨૦૦૮ (ફોન નં. ૦૭૯-૨૩૨૪૮૦૦૬)ની કચેરી દ્વારા ગુજરાત રાજ્યના માર્ગ અને મકાન વિભાગ તેમજ નર્મદા જળ સંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગમાં યોગ્ય શ્રેણીમાં નોંધાયેલા માન્ય ઈજારદારશ્રીઓ પાસેથી પાંચ કામો માટે ઓનલાઈન ભાવો માંગવામાં આવે છે. જેની અંદાજીત રકમ રૂ. ૬.૬૧ લાખથી રૂ. ૪૮.૯૩ લાખ સુધીની છે. કામની વિગત નીચે મુજબ છે.

(૧) ટેન્ડરના દસ્તાવેજો વેબસાઈટ www.nwr.nprocure.com ઉપરથી તા. ૧/૨/૨૦૨૨ થી તા. ૧૫/૨/૨૦૨૨ સમય ૧૮.૦૦ કલાક સુધી ડાઉનલોડ / અપલોડ કરી શકાશે.
(૨) ટેન્ડર ડોક્યુમેન્ટ ટેન્ડર ફી, સોલવંશી ઓછામાં ઓછી ટેન્ડર રકમના ૨૦% કેલેન્ડર વર્ષ-૨૦૨૨ની અને ઈ.એમ.ડી. (ટેન્ડર અપલોડ કરવાની છેલ્લી તારીખથી ઓછામાં ઓછી ૧૮૦ દિવસ મુદતની 'કાર્યપાલક ઈજનેર, કાંસ વિભાગ, ગાંધીનગર'ના નામની અવશ્ય જોડવી) રજી.પો.એ.ડી. / સ્પીડ પોસ્ટ / કુરીયરથી તા. ૧૬/૨/૨૦૨૨થી તા. ૨૨/૨/૨૦૨૨ સમય ૧૬.૦૦ કલાક સુધી સ્વીકારવામાં આવશે.
(૩) ઓ એન્ડ એમના કામની પ્રી-બીડ મીટીંગ તા. ૮/૨/૨૦૨૨ના રોજ 'અધિક્ષક ઈજનેરશ્રીની કચેરી, સુજલામ સુફલામ વર્તુળ-૧, સ્ટેટ વૉટર ડેટા સેન્ટર બિલ્ડીંગ, સેક્ટર-૮, ગાંધીનગર' ખાતે બપોરના ૧૨:૩૦ કલાકે રાખેલ છે.
(૪) પ્રાયમરી બીડ ઓપનીંગ તા. ૨૩/૨/૨૦૨૨ના રોજ ૧૨.૦૦ કલાકે અને પ્રાઈસબીડ ઓપનીંગ તા. ૨૩/૨/૨૦૨૨ના રોજ ૧૨.૩૦ કલાકે ખોલવામાં આવશે. (જો શક્ય હશે તો) (ફક્ત ક્વૉલીફાય થયેલ બીડરો માટે) વધુ માહિતી વેબસાઈટ www.nwr.nprocure.com પરથી મેળવી શકાશે.

● કવર પર કામનું નામ તથા ટેન્ડર આઈ.ડી. અવશ્ય લખવાનો રહેશે. માહિતી/૨૦૮૪/૨૧-૨૨